પત્રિકા
૧૧૮

# ચિરાગે હિદાયત

૦૪/૦૮/૧૭
૧૧ ઝિલ્કાદ

## આ અઠવાડિયાની મુનાસેબત

**૧૧ ઝિલ્કાદ – વિલાદતે હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)**

## માહે ઝિલ્કાદ

કુરઆને મજીદમાં જે મહિનાઓને હુરમતવાળા કરાર દેવામાં આવ્યા છે તેમાં માહે ઝિલ્કાદ પહેલો મહિનો છે.

* *માહે ઝિલ્કાદમાં રવિવારના દિવસની નમાઝ :-*

સૈયદ ઈબ્ને તાઉસથી રિવાયત છે કે માહે ઝિલ્કાદમાં તંગી દૂર થવાની દુઆ કબૂલ થાય છે. આ મહિનામાં રવિવારના દિવસ માટે એક નમાઝ છે કે જે ઘણી ફઝીલત ધરાવે છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નું ફરમાન છે કે ''જે શખ્સ આ નમાઝને બજાવી લાવે તેની તૌબા કબૂલ થાય છે, ગુનાહોને બક્ષવામાં આવે છે, તેની મૌત ઈમાન પર થશે અને તેનો દિન સલામત રહેશે, તેની કબ્ર વિશાળ અને રોશન હશે, તેના વાલેદૈન તેનાથી રાજી હશે, તેના વાલેદૈન અને ઔલાદને મગફેરત હાંસિલ થશે, તેના રિઝ્કમાં વધારો થશે, મલેકુલ તેની રૂહને નરમીથી કબ્ઝ કરશે અને તેની મૌત આસાન હશે.''

નમાઝની રીત આ મુજબ છે :

રવિવારના દિવસે ગુસ્લ અને વઝુ કરીને ચાર રકાત નમાઝ બે-બે કરીને પઢે. જેની દરેક રકાતમાં સૂરએ અલ્હમ્દ પછી ત્રણ વખત સૂરએ તૌહીદ અને એક-એક વખત સૂરએ ફલક અને સૂરએ નાસ પઢે, સિત્તેર વખત **અસ્તગફેરૂલ્લાહ વ અતૂબો ઈલયહે** કહે. છેલ્લે આ દુઆ પઢે: **''લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.''**

અને પછી આ દુઆ પઢે : **''યા અઝીઝો યા ગફ્ફારો ઈગ્ફીરલી ઝુનૂબી વ ઝુનૂબ જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાતે ફ ઈન્નહુ લા યગ્ફેરૂઝ ઝુનૂબ ઈલ્લા અન્ત.''**

*- મુન્તખબ મફાતિહુલ જિનાન, પે.૫૨૦*

# હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)

હઝરત ઈમામ અલીરઝા(અ.સ.)ની વિલાદતે બાસઆદત આ જ મહિનામાં એટલે કે ૧૧ ઝિલ્કાદતુલ હરામ, હિ.સ.૧૪૮માં થઈ અને આપની શહાદત માહે સફર, હિ.સ.૨૦૩માં થઈ.

આપના વાલીદે બુઝુર્ગવાર હઝરત મુસા ઈબ્ને જાફર(અ.સ.), વાલેદાએ ગિરામી નજમા ખાતુન, આપનું ઈસ્મ મુબારક અલી અને લકબ રઝા છે. આપની કબ્ર મુબારક મશહદે મુકદ્દસ ઈરાનમાં છે.

* *આપ(અ.સ.)ની ઈમામત :-*

હિ.સ.૧૮૩માં મામુનના કૈદખાનામાં હઝરત ઈમામ મુસા કાઝિમ(અ.સ.)ની શહાદત થયા પછી ઈમામ અલીરઝા(અ.સ.) ૩૫ વર્ષની ઉંમરે મનસબે ઈમામત ઉપર ફાએઝ થયા.

મગઝુમીનું કહેવું છે કે ઈમામ મૂસા કાઝિમ(અ.સ.)એ અમને બોલાવ્યા અને ફરમાવ્યું "શું તમને લોકોને માલૂમ છે કે મેં તમોને અહીં શા માટે બોલાવ્યા છે?" તેઓએ જવાબમાં કહ્યું "નહીં." તો આપ(અ.સ.)એ ફરમાવ્યું "મેં તે માટે બોલાવ્યા છે કે જેથી તમે આ વાતના ગવાહ રહો કે મારો આ ફરઝંદ (ઈમામ રઝાઅ.સ.ની તરફ ઈશારો કર્યો) મારો વસી અને મારો જાનશીન છે."

* *આપ(અ.સ.)નો ઝમાનો :*

હઝરત ઈમામ અલીરઝા(અ.સ.) એક એવા સમયમાં ઝિંદગી વિતાવી રહ્યા હતા કે જ્યારે ઝમાનાની બદનામ બની અબ્બાસની હુકૂમત બુલંદી પર હતી. કેમકે તે સિલસિલામાં બાદશાહતમાં હારૂન અને મામૂનથી મોટા બાદશાહ નથી થયા. બની અબ્બાસની સિયાસત, મક્રો ફરેબ, નિફાક અને રિયાકારીનો મુકાબલો ઈમામ(અ.સ.)એ કઈ રીતે કર્યો તે ઈમામ(અ.સ.) જ જાણે છે.

બની અબ્બાસની હુકૂમત ખાનદાને ઈસ્મતો તહારતના ખૂનની પ્યાસી હતી. પણ મુલ્કમાં અમ્નો અમાન કાયમ રાખવા અલવીઓના ઈન્કેલાબથી મહેફુઝ રહેવા માટે તે જાહેરમાં શિયાઓ અને ઈરાનીઓને પોતાની નજદીક રાખવા ચાહતી હતી. બની અબ્બાસની હુકૂમત આ જાહેર કરવા માંગતી હતી કે ખાનદાને એહલેબૈત(અ.મુ.સ.)સાથે તેના સંબંધો ઘણા સારા છે. તે આ રીતે પોતાની ખિલાફત અને હુકૂમતને પણ સહીહ અને જાએઝ દેખાડવા માંગતી હતી. મામૂનની હુકૂમતનો

તે સમય મક્રો ફરેબ, નિફાક અને રિયાકારીની બુલંદીનો ઝમાનો હતો.

ઈમામ અલીરઝા(અ.સ.)એ મામૂનના આ મક્રો ફરેબથી ભરેલા રસ્તાના મુકાબલામાં તે રસ્તો ઈખ્તેયાર કર્યો કે જેનાથી મામૂનનો મકસદ બિલકુલ નાકામ થઈ જાય અને દરેક મુસલમાન હકની નજીક થઈ જાય તેમજ આ જાણી લે કે ખુદા અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જેને પોતાના ખલીફા અને નુમાઈન્દા નક્કી કર્યા છે તે એહલેબૈત(અ.મુ.સ.) છે. એટલે કે તે ઈમામ અલીરઝા(અ.સ.) છે બલ્કે મામૂન નથી.

* *ઈમામ(અ.સ.)ની એક નસીહત :-*

સુલેમાન જાફરી ઈમામ રઝા(અ.સ.)ના અસહાબમાંથી હતા. તેમનું બયાન છે કે હું ઈમામ રઝા(અ.સ.)ની ખિદમતમાં હતો. જ્યારે મારૂં કામ પુરૂં થઈ ગયું. મેં વિચાર્યું કે ઈમામ(અ.સ.)થી રજા લઈને જાઉં. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે આજની રાત તમે અમારી પાસે રહો.

સૂરજ ઢળવાનો સમય હતો. હું ઈમામ(અ.સ.)ની સાથે ઈમામ(અ.સ.)ના ઘરની તરફ રવાના થયો. ઈમામ(અ.સ.)ના ખાદિમ ઘરના ચણતર કામમાં વ્યસ્ત હતા. ઈમામ(અ.સ.)એ તેઓની વચ્ચે એક નવા વ્યક્તિને જોયો અને પૂછ્યુ કે આ કોણ છે? ગુલામોએ કહ્યું કે આ અમારી મદદ કરી રહ્યો છે અમે તેને કંઈક આપી દઈશું.

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''શું તમે તેની મજૂરી નક્કી કરી લીધી છે?'' ગુલામોએ કહ્યું ''નહી. આપણે જે કાંઈ પણ તેને આપશું તે લઈ લેશે.'' આ સાંભળીને ઈમામ(અ.સ.)ના ચહેરાનો રંગ બદલાઈ ગયો.

મેં અર્ઝ કરી કે ''હું આપ(અ.સ.) પર કુરબાન થાઉં. આપ(અ.સ.) આટલા બધા પરેશાન શા માટે છો?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''મેં તેઓને ઘણી વખત કહ્યું છે કે કોઈનાથી પણ તેની મજૂરી નક્કી કર્યા વગર કોઈ કામ ન લ્યો. અગર કોઈ શખ્સ મજૂરી નક્કી કર્યા વગર કામ કરશે, તો અગર તમે તેને મજૂરીથી ત્રણ ગણી વધારે મજૂરી પણ આપશો. તો પણ તે એમ જ વિચારશે કે તેને ઓછી મજૂરી મળી છે. પણ અગર મજૂરી નક્કી કરીને તેનાથી કામ લેશો અને તેને તે નક્કી કરેલી મજૂરી આપશો તો પણ તે ખુશ રહેશે કે તેને કાંઈ ઓછું મળ્યું નથી બલ્કે નક્કી કર્યા મુજબ મજૂરી મળી છે અને જો તમે નક્કી કરેલાથી વધારે મજૂરી આપશો તો તે વધારે આપેલું ભલે ઓછું હોય. છતાં પણ તે ખુશ રહેશે અને તમારો શુક્રિયા અદા કરશે.'' *-કાફી, જિ.૫, પે.૨૮૮*

* *ઈમામ(અ.સ.)ના હાથોની બરકત :-*

તે ખાતુન કે જેના દાદાના ઘરમાં ઈમામ અલીરઝા(અ.સ.) નિશાપૂરમાં આવ્યા હતા. તેનું બયાન છે કે, ‘‘હઝરત ઈમામ અલીરઝા(અ.સ.) નિશાપૂર આવ્યા અને શહેરના પશ્ચિમ મોહલ્લા લાશાબાદમાં મારા દાદા પસંદહના ઘરમાં આવ્યા, મારા દાદાને પસંદહ આ માટે કહેવામાં આવે છે કે ઈમામ(અ.સ.)એ તેમના ઘરને પસંદ કર્યુ હતું. ઈમામ(અ.સ.)એ મારા ઘરના એક ભાગમાં બદામ ઉગાવી હતી. ઈમામ(અ.સ.)ની બરકતથી તે ફક્ત એક જ વર્ષમાં મોટું વૃક્ષ બની ગયું અને તેમાં ફળ ઉગી નિકળ્યા. લોકો તે બદામથી શિફા મેળવતા હતા. જે બીમાર તે બદામને શિફાની નિય્યતથી ખાતો હતો તેને શિફા મળી જતી હતી.’’

* *ઈમામતઃ અઝાબથી બચવા માટેની શરત :-*

ઈમામ(અ.સ.)ના અતિ નજદીક સહાબી અબા સલ્તે હરવીનું બયાન છે કે હું ઈમામ(અ.સ.)ની સાથે હતો. જે સમયે આપ(અ.સ.) નિશાપૂરથી રવાના થઈ રહ્યા હતા અને આપ(અ.સ.) એક સવારી ઉપર સવાર હતા. આપ(અ.સ.)ની સાથે ઘણા બધા ઓલમાઓ મૌજૂદ હતા અને તે ઓલમાઓએ ઈમામ(અ.સ.)ને અર્ઝ કરી રહ્યા હતા કે આપ(અ.સ.)ને આપ(અ.સ.)ના પાકીઝા આબા વ અજદાદની કસમ આપ(અ.સ.) અમારી દરમિયાન એક એવી હદીસ બયાન કરો જેને આપ(અ.સ.)એ આપ(અ.સ.)ના વાલિદથી સાંભળી હોય. ઘણી વખત કહેવા પછી ઈમામ(અ.સ.)એ પોતાનું સર મુબારક મહેમીલમાંથી કાઢ્યું અને ફરમાવ્યું, ‘‘મારા જદ્દે નકલ કર્યુ છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે **લાઈલાહા ઈલ્લલ્લાહો હિસ્ની ફમન દખલ હિસ્ની અમેન મિન અઝાબી - લાએલાહા ઈલ્લલ્લાહ મારો કિલ્લો છે જે મારા કિલ્લામાં દાખલ થયો, તેણે મારા અઝાબથી અમાન મેળવી લીધી.**’’ થોડું દૂર ચાલ્યા પછી ફરીથી ઈરશાદ ફરમાવ્યું, ‘‘**બેસુરૂતેહા વ અના મિન સુરૂતેહા - એટલેકે તે અઝાબથી બચવા માટે અમુક શરતો છે અને તે શરતોમાંથી હું એક શરત છું.**’’ *- ઓયુનૂલ અખબારૂર રઝા, જિ.૨, પે,૧૩૧*

**એટલે કે ફક્ત લાએલાહા ઈલ્લલ્લાહ કાફી નથી કે જ્યાં સુધી એહલેબૈત(અ.મુ.સ.)ની મોહબ્બત દિલમાં ન હોય.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com